Publication: Lokmitra Date: Tuesday, 3rd March, 2015

Edition: Ahmedabad

# ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્શ્યુરન્સનાં નવા એમડી અને સીઈઓ તરીકે આર.એમ. વિશાખા

**અમદાવાદ,** બીએફએસઆઈનાં સિનિયર વ્યાવસાયિક આર. એમ. વિશાખા આવતીકાલે ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્શ્યુરન્સ કંપનીમાં નવાં મેનેજિંગ ડાયરેક્ટર અને સીઈઓ તરીકે પદભાર સંભાળી લેશે.

વિશાખાને નાણાકીય સેવાઓના ઉદ્યોગમાં ૨૫ વર્ષનો અત્યંત સફળ સિદ્ધ અનુભવ છે. તેઓ છેલ્લા અગ્રણી બેન્કએશ્યોરન્સ પ્રેરિત જીવન વીમા કંપનીમાં સેલ્સ અને માર્કેટિંગનાં ડાયરેક્ટર હતાં. આ પૂર્વે તેઓ ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્શ્યુરન્સમાં ચીફ બિઝનેસ ઓફિસર રહી ચૂક્યાં છે.

વિખાશાની ગત નિયુક્તિઓમાં જાહેર અને ખાનગી કંપનીઓમાં સમૃદ્ધ અનુભવ, સ્ટાર્ટ-અપના ભાગરૂપ વહેલી એડપ્ટર્સમાંથી એક માટે બેન્કએશ્યોરન્સ ચેનલ સ્થાપવાનો સમાવેશ થાય છે.

વિશાંખાએ આ નવી નિયુક્તિ વિશે બોલતાં જણાવ્યું હતું કે ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્શ્યુરન્સમાં પાછી આવવાની મને બેહદ ખુશી છે. હું માનું છું કે આ કંપનીમાં ૬૦૦૦ ભાગીદાર બેન્ક શાખાઓના વિતરણ મૂળ અને મજબૂત મલ્ટી ચેનલ વ્યૂહરચના સાથે ભારતભરના ગ્રાહકો સુધી પહોંચવાની ભરપૂર સંભાવના છે. જીવનના તબક્કા અને આવકનાં માળખાંમાં વિવિધ જરૂરતોને પહોંચી વળે તેવી તૈયાર કરાયેલી સમજવામાં સરળ અને આસાન યોજનાઓ સાથે અમે જે પણ કરીએ તેમાં અમારા ગ્રાહકોને પ્રથમ (ફર્સ્ટ) મૂકવા પર સતત ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ.

ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્શ્યુરન્સ આજે ઝડપથી વૃદ્ધિ પામતી જીવન વીમા કંપનીઓમાંની એક છે, જેણે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ રૂ. ૭૫૦૦ કરોડની એયુએમ સાથે ૨.૭ મિલિયન જીવનને આવરી લીધા છે. (૩-૧)